પ્રકરણ આઠમું

# ઉપસંહાર

## પ્રકરણ ૮ chapter-8

## ઉપસંહાર

૧૯મી સદીના ઉત્તરાર્ધમાં પાશ્ચાત્ય શિક્ષણ તથા સમાજસુધારણાની અનેકવિધ પ્રવૃત્તિઓનો પ્રબળ પ્રભાવ ભારતના – ખાસ કરીને ગુજરાતના પ્રજામાનસ પર પડ્યો. તેનાં અનેક સારાં પરિણામો પણ પ્રજાએ સ્વીકાર્યાં – ભોગવ્યાં છે. પરંતુ જૂનું અને પૂર્વનું એટલે સડેલું ખરાબ, તથા નવું અને પશ્ચિમમાંથી આયાત થયેલું એટલું સારું – એવા આત્યંતિક ઉગ્ર વિચાર ધરાવનારા "સુધારક" વર્ગે સમાજવ્યવસ્થામાં પાશ્ચાત્ય લક્ષણો લાવવાનો અનુરોધ કરતાં, ભારતીય પ્રાચીન સંસ્કૃતિ અને સંસ્કારિતાના પ્રખર અને પ્રબળ સંરક્ષક અને સમર્થક વર્ગનો વિરોધવંટોળ જાગ્યો–જામ્યો. નવી નવી સંસ્થાઓ જન્મી ; સંઘર્ષો પણ વધ્યા ; કેટલાક પ્રાજ્ઞ પુરુષોએ ખંડનાત્મક પ્રવૃત્તિને હેય ગણીને, આર્યભૂમિની આબોહવાને અનુકૂળ આવે એ પ્રમાણે સંસ્કૃતિનું સત્ત્વ સાચવીને જરૂરી સુધારા અમુક મર્યાદા સુધી અપનાવવાનો આગ્રહ રાખ્યો કે જેથી આપણા દેશની ધર્મભાવનાને વિષમ, વિકૃત અને વિપરીત થતી જતી સ્થિતિમાંથી ઉગારીને તેના અસલ વિશુધ્ધ સ્વરૂપમાં સ્થાપિત કરી શકાય.

શ્રીમન્નૃસિંહાચાર્યજીની શ્રેયસ્સાધક અધિકારી વર્ગની સ્થાપના આવી જ સંઘર્ષભરી સામાજિક પરિસ્થિતિમાં થઈ. તેણે – ખાસ કરીને વર્ગના આચાર્યો અને શ્રીમાન્ વિશ્વવંદ્યે – ગુજરાતના ધાર્મિક, સામાજિક તેમ જ સાહિત્યિક ક્ષેત્રમાં પ્રવર્તમાન પરિબળોનો સમન્વયાત્મક વિનિયોગ કરી ગુજરાતના સાંસ્કારિક જીવનને ઘડવામાં મહત્ત્વનો ફાળો આપ્યો. મુખ્યત્વે તેઓ પ્રાચીન પૌર્વાત્ય સંસ્કારપ્રણાલીના સન્નિષ્ઠ અને સબળ સંરક્ષક હોવા છતાં, તેઓએ જે રીતે સમગ્ર પ્રાચીન સંસ્કૃતિનું –

—નવા સંઘર્ષોના પ્રતિકાર કે પડકારરૂપે નહીં પણ — સ્પષ્ટ પરિષ્કાર રૂપે સુભગ દર્શન સમકાલીનોને કરાવ્યું તે ખરેખર અદ્ભુત અને અપૂર્વ છે.

વર્ગના આધસંસ્થાપક પ્રથમ આચાર્ય શ્રીમન્નૃસિંહાચાર્યજી પવિત્ર ધર્માનુરાગી કુલપરંપરાને પ્રાપ્ત અવતારી પુરુષ હોઈ, તેમની બાલ્યાવસ્થા અને કિશોરાવસ્થામાં જ તેમના અલૌકિક સામર્થ્યનાં લક્ષણો પ્રસ્ફુટ થતાં હતાં. તારુણ્યપ્રવેશ કરતાં પૂર્વે જ તેમણે સુરતમાં અને વડોદરામાં સમાજસુધારણા અને ધર્મવિકાસની પ્રવૃત્તિઓ શરૂ કરી દીધી હતી અને શ્રી છોટાલાલ માસ્તર જેવા સુપાત્ર શિષ્યો તેમના પ્રતિ વિદ્યુત્વેગે આકર્ષાયા હતા. એમની આસપાસ અવિધ્વંસર સંસ્થા સર્જાઇ, વર્ગ અસ્તિત્વમાં આવ્યો અને ઇ.સ. ૧૮૮૨માં "શ્રેયસ્સાધકઅધિકારી વર્ગ"ના પ્રથમ આચાર્ય તરીકે સાધકસમાજે તેમને સન્માન્યા. તેમનાં વિલક્ષણ સ્વસંવેદ્યતા, યોગસંપન્નતા અને જ્ઞાનવિભવનો નિર્દેશ કરનારા અનેક પ્રસંગોનો પ્રકરણ ૨ માં નિર્દેશ કરવામાં આવ્યો છે.

આચાર્યશ્રીની અનુરક્તિ અને અનુકંપાને પાત્ર બનેલા શ્રી છોટાલાલ માસ્તરે સમર્થ સદ્ગુરુ પાસેથી પ્રાપ્ત કરેલી દીક્ષા અને શિક્ષાને પોતાના પુરુષાર્થપ્રવણ ચરિત્ર દ્વારા ઉજ્જવળ કરી સદ્ગુરુ પાસેથી જ "વિશ્વવંદ્ય"નું વિરલ બિરુદ મેળવ્યું. આચાર્યશ્રીની અનુજ્ઞાનુસાર શ્રી વિશ્વવંદ્યે વર્ગની વાટિકાને વિકસાવી અને પરાગ-પ્રફુલ્લિત કરવાનો નિર્ધાર કર્યો. તેમણે એક પછી એક યોજનાઓ — આચાર્યશ્રીની ઉપસ્થિતિમાં અને તત્પશ્ચાત્ પણ — વિચારી એટલું જ નહીં પણ અમલમાં આણી ; વિવિધ ઉત્સવોનું આયોજન કર્યું, તેમાં ય સાધનસમારંભ જેવા અપૂર્વ કહી શકાય તે પ્રકારના આત્મશક્તિપ્રેરક અનુકરણીય

ઉત્સવની નવી કેડી પાડી ; અધ્યાત્મબલપોષક મંડળ અને સિધ્ધેશ્વર– સિધ્ધ સમાજની અનોખી સંસ્થાઓ ચલાવી.

માત્ર વર્ગના જ સાધકોના ઉત્કર્ષ માટે નહીં પણ જાહેર જનતાના ભિન્ન ભિન્ન અધિકાર અને સ્તરનાં સ્ત્રીપુરુષોની સાર્વત્રિક ઉન્નતિ સાધવામાં યથાર્થ માર્ગદર્શન આપી શકાય એ ઉદાર હેતુથી શ્રી માસ્તરસાહેબે અને એમની સૂચના–સલાહ અનુસાર વિદ્વાન સાધકોએ મહાકાલ, પ્રાત:કાલ, યમદંડ, ધર્મધ્વજ, ભક્ત, શ્રેયસ્સાધક (સાપ્તાહિક)..... વગેરે સામયિકોનું સંચાલન કર્યું અને એ દ્વારા વિપુલ સાહિત્યના સર્જન માટે ઉમદા તકો પૂરી પાડી એટલું જ નહીં પણ અનેક પ્રતિભાશાળી વિદ્વાનોને પ્રકાશમાં આણ્યા.

શ્રીમન્નૃસિંહાચાર્યજીએ તેમની સંખ્યાબંધ ગદ્યપદ્ય કૃતિઓમાં તેમની રોચક અને પ્રસન્નગંભીર બન્ને પ્રકારની શૈલીમાં સનાતન હિંદુધર્મ અને તત્ત્વજ્ઞાનનાં રહસ્યોને વહેતાં મૂકયાં. તેમાં તેમણે કથા, નવલ, નાટક, નિબંધ, પ્રશ્નોત્તર વગેરે વિવિધ સ્વરૂપોનો વિનિયોગ કર્યો. યોગાદિ સંયમસાધક ક્રિયાઓમાં તેમણે અધિકાર અનુસાર ક્રમબોધ આપવાનો અનુરોધ કર્યો. વિવિધ ગ્રંથોમાં તેમણે બાહ્યત્યાગના તિરસ્કારપૂર્વક અંતરની આસક્તિના અશેષ ત્યાગને પુરસ્કૃત કરી સંન્યાસના સાચા શુધ્ધ સ્વરૂપનું પ્રતિપાદન કર્યું અને ગૃહસ્થાશ્રમના ગૌરવનું અક્ષુણ્ણ પ્રતિસ્થાપન કર્યું. આ મુદ્દાને કેન્દ્રમાં રાખીને તેમણે તથા વર્ગના મુખ્ય વિદ્વાનોએ સાધકમાત્રને અંતર્વિરાગી બનીને સંસારનાં વિહિત કર્તવ્યોનું પાલન કરતાં કરતાં અધ્યાત્માનુભૂતિના સર્વોત્કૃષ્ટ પારમેષ્ઠ્યના ચરમ શિખર પર સ્થિર થવાની કલા સિધ્ધ કરવાનો અનુરોધ કરતું વિવિધ પ્રકારનું વિપુલ સાહિત્ય સર્જ્યું.

શ્રીમાન્ વિશ્વવંદ્યે તો તેમના વિશાળ વાચન અને તત્ત્વચિંતનના નિષ્કર્ષરૂપ ઉચ્ચ ભાવનાના કે આત્મવિચારના આંદોલનની સામર્થ્યસિધ્ધિને શાસ્ત્રીય અથવા વૈજ્ઞાનિક કહી શકાય એવું સ્વરૂપ આપ્યું એટલું જ નહીં પણ ઐહિક તથા આમુષ્મિક સર્વ પ્રકારના સુખ–આનંદના એકમાત્ર અધિષ્ઠાન રૂપે તે ચિતિશક્તિનું બહુમૂલ્ય આંક્યું. આ મહત્ત્વના સિધ્ધાંતને તેમણે રસવિદ્યા સાથે સંયોજીને "યોગિનીકુમારી" જેવી, યોગ અને અધ્યાત્મવિદ્યાનાં રહસ્યોને હૃદયંગમ શૈલીમાં સ્ફુટ કરતી વિલક્ષણ કોટિની નવલકથા આપી. શ્રી વિશ્વવંદ્યના લેખોમાં ગુજરાતી ગદ્યે નવી છટા ધારણ કરી છે, એમ કહી શકાય.

વીસમી સદીના ત્રીજા અને ચોથા દશક દરમ્યાન વર્ગના સિધ્ધાંતો તો એમના એમ અવિકૃત રહ્યા પણ તેનાં પ્રવૃત્તિ–પ્રવાહો અને અભિવ્યક્તિના સ્વરૂપમાં ન્યૂનાધિક અંશે નૂતનતાએ પ્રવેશ કર્યો. ઉત્સવનાં વિવિધ અંગોમાં, કીર્તનાદિ સાહિત્યમાં – સાત્ત્વિકતાની મર્યાદાનું ઉલ્લંઘન કર્યા સિવાય – કલાત્મક રસદૃષ્ટિનું આરોપણ થવા લાગ્યું. સંગીત, નૃત્ય, રાસગરબા અને સંવાદોના રંજક માધ્યમ દ્વારા ધર્મતત્ત્વ અને સંસારસુધારણાના બોધને પ્રકટ થવાનો મોકો મળ્યો. રસર્ષિ શ્રીઉપેન્દ્રાચાર્યજીએ યથાસમય અને યથાશક્તિ રંગભૂમિનું નિર્માણ કરી "રસપદ્મ"ની પાંખડીઓને વિકસાવી, અને સાહિત્ય સૌરભની છૂટે હાથે રસલ્હાણ કરી. "રસદર્શન"નું સાહિત્ય આસ્વાદ્ય કોટિનું છે. શ્રીઉપેન્દ્રાચાર્યજીએ તો બાલક, કિશોર અને નવયુવાનોનાં હૃદયક્ષેત્રનો – જીવનઘડતરના ખેડાણપ્રયોગ માટે – કબજો લીધો અને એ માટે તેઓ નિત્યનવીન સંદેશ અને નિત્યનવીન કાર્યક્રમ આપતા રહ્યા.

શ્રીમત્સુરેશ્વરાચાર્યજી અને તેમનાં કુટુંબીજનો પણ તેમના પૂર્વજોએ માંડેલા સાહિત્યસંસ્કારના મહાયજ્ઞની પુણ્ય જ્વાલાને

યથાશક્તિ ઈષ્ટ ઇંધન-આહુતિ દ્વારા પ્રજ્વલિત રાખવાનું સત્કાર્ય સાધી રહ્યા છે, એ આનંદની વાત છે.

વર્ગના કેટલાય કવિઓ તથા ધુરંધર વિદ્વાનોએ ધર્મ, તત્ત્વ અને જીવનોપયોગી વિષયો પર ગ્રંથો અને લેખો લખ્યા એટલું જ નહીં પણ સમાજની અને સાહિત્યની ઉત્કૃષ્ટ કોટિની સેવા કરી. આ વિદ્વાનોનું માસિકોમાં દટાયેલું વિપુલ સાહિત્ય ઉત્તમ કોટિનું હોઈ ગ્રંથમાળા સ્વરૂપે પ્રકાશન કરવાની જરૂર છે.

આ વર્ગમાં પ્રથમથી જ સ્ત્રીઓને બ્રહ્મજિજ્ઞાસા માટે અને તેથી તેની તૃપ્તિ પર્યંતના કોઇ પણ કાર્યક્રમ માટે અનધિકારિણી ગણવામાં આવી નથી. સ્ત્રી અને પુરુષના હિતની રક્ષાને આવશ્યક એટલી મર્યાદાના પાલનપૂર્વક શ્રેયસ-સાધનાના માર્ગમાં કોઇ ભેદભાવને સ્થાન આપવામાં આવ્યું નથી. વર્ગમાં પ્રવિષ્ટ પામેલી કેટલીય મહિલાઓ ઉચ્ચ જીવનસંસ્કારને પ્રાપ્ત કરતી કરતી ધન્ય બની ગઈ. આચાર્યકુટુંબનાં નારીરત્નો ઉપરાંત વર્ગની અનેક બહેનોએ વિવિધ ક્ષેત્રોમાં પ્રગતિ કરી એટલું જ નહિ પણ સમાજસેવિકાઓ, લેખિકાઓ, કવયિત્રીઓ તરીકે પ્રતિષ્ઠા પામી. સુરત, અમદાવાદ વગેરે સ્થળે વિશાળ વટવૃક્ષની જેમ સ્ત્રી-ઉત્કર્ષ માટે વિવિધ પ્રવૃત્તિઓ કરતી હાલની "વનિતાવિશ્રામ"ની સંસ્થાઓના પાયામાં આદ્યસંચાલિકાઓ તરીકે વર્ગમાંથી જ સાત્ત્વિક પ્રેરણા-પીયૂષ પામીને પરોપકાર પ્રવણપ્રવૃત્તિ કરનારાં શ્રી બાજીગૌરીબહેન, શ્રી નાનીબહેન ગજ્જર વગેરેનાં નામ તો આદર્શ સમાજસેવિકા તરીકે સુવર્ણાક્ષરે નોંધાયેલાં છે જ, પરંતુ પૂર્વાશ્રમમાં શ્રી હાથીરામભાઈનાં આદર્શ ચારિત્ર્યવાન્ પત્ની શ્રી જયાલક્ષ્મીબહેન – જે વર્ગના વિવિધ ઉત્સવપ્રસંગે અચૂક હાજરી આપતાં. – શ્રી માસ્તરસાહેબ રચિત અધ્યાત્મબલપોષક ગ્રંથમાલાનો પ્રથમ અક્ષ વાંચે છે, વિચારે છે અને ચિંતિશક્તિને

જાગ્રત કરવા અક્ષમાં દર્શાવ્યા પ્રમાણે શ્રધ્ધાપૂર્વક વિધિનું આચરણ કરે છે અને તેમના જીવનમાં અજબનું પરિવર્તન આવી જતાં તે ઉચ્ચપ્રકારનું સાધિકાનું જીવન જીવી કચ્છના પ્રદેશમાં યોગિની આનંદલહરી તરીકે ખ્યાતિ પામે છે.

વિશેષમાં, વર્ગના આચાર્યપુરુષો યોગૈશ્વર્યસંપન્ન હોઈ તેઓને ગુપ્તવિદ્યાસામર્થ્ય તો હસ્તામલકવત્ હતાં. સેંકડો સાધકોને ચમત્કારિક અનુભવો થયા હોવા છતાં, એ આચાર્ય-પુંગવોએ તથા શ્રીમાન્ વિશ્વવર્ધે વર્ગના શરીરમાં "ચમત્કાર" નામના પ્રેતને પ્રવેશવા દીધો નથી, એ જ વર્ગની વિલક્ષણતા છે. તેમણે તો સાધકો સમક્ષ એક જ સૂત્ર પ્રબોધ્યું અને પ્રમાણિત કર્યું-કરાવ્યું કે **त्वमेव चमत्कृतिः।** માનવજીવનનું સર્વોત્કૃષ્ટ લક્ષ્ય આત્મસાક્ષાત્કાર અથવા સ્વસ્વરૂપાવબોધ છે. આ સ્વસ્વરૂપ માટે વર્ગના ગદ્યપદ્ય સાહિત્યમાં "ચિતિ" શબ્દને વારંવાર પ્રયોજવામાં આવ્યો છે. આ ચિતિપ્રદેશ અથવા આત્મગુહામાં પ્રવેશ કરી તેના સ્વામી બનવું એટલે સ્વરાજ્યના-સામ્રાજ્યના અધિપતિ-સમ્રાટ અને ભોક્તા હોવાની અનુભૂતિ લહાય છે. સચ્ચિત્સુખસાગરરૂપે અથવા તેની સત્તાલહરિ રૂપે સ્વયંપ્રકાશ પ્રાપ્ત થતાં, વિશ્વના નાનામોટા સર્વ ચમત્કારો સામાન્ય વ્યતિકરો બની રહે છે, એ સૌ સાધકોને અતિસ્પષ્ટ હોઇ એ તેનાથી પ્રભાવિત થતા નથી. શ્રીમાન્ વિશ્વવર્ધે "શોધો હૃદયાકાશ, સાધકો ! શોધો હૃદયાકાશ."માં સ્પષ્ટ જણાવ્યું છે કે,

"ગરિમા, લઘિમા, મહિમા, અણિમા
પ્રાકામ્ય, પ્રાપ્તિ, ઈશિતા, વશિતા,
અષ્ટ એ સિધ્ધિ છે શાસ્ત્રે પ્રસિધ્ધા,
હૃન્નભ શોધતાં થાય ઉદિતા,

ગ્રહે ન પણ જેહ ચિદ્રસ પીતા,
निपीय चिद्रसं अभ्नुध्वं अमरत्वम्।

હણો જન્મમરણનો ત્રાસ,

હણો આ જન્મમરણનો ત્રાસ,

સાધકો !

શોધો હૃદયાકાશ." ("સુધાસ્ત્રોતસ્વિની", પૃ. ૧૪૭)

પોતાને સાહિત્યકારમાં ગણાવવાની બિલકુલ પરવા નહીં કરનારા આ વર્ગના નાનામોટા સર્વ સર્જકો-કવિઓ અને કવચિત્રીઓના સાહિત્યનો પ્રધાન સૂર જીવનલક્ષી હોવાથી, તથા "વર્ગ" પોતે પણ પોતાના સાહિત્યની સમાલોચના થાય એવી સ્પૃહાથી તદન અલિપ્ત હોવાથી, શ્રેયસ્સાધક વર્ગના વિપુલ વાઙ્મયમાં રહેલી અદ્ભુત શક્તિ અને કલા સૌન્દર્યના અંશોનું યથાર્થ મૂલ્યાંકન થવા પામ્યું ન હતું. આ સંબંધમાં સ્પષ્ટ શબ્દોમાં હૃદયભાવ વ્યક્ત કરતાં સાક્ષરશ્રી રમણલાલ વ. દેસાઈએ જે ઉદ્ગારો કાઢયા છે તેનાથી જ આ મહાનિબંધની સમાપ્તિ કરીશું.

"ગુજરાતના સાંસ્કારિક જીવનમાં શ્રેયઃસાધક વર્ગનો મોટો ભાગ છે. વર્તમાન અંગ્રેજી શિક્ષણ પામેલો યુગ સ્વીકારી શકે એવું સ્વરૂપ આપણા ધર્મને આ વર્ગે આપ્યું છે. અંધશ્રધ્ધાને બદલે બુધ્ધિને ગમી જાય એવી ઢબનાં વિવરણોથી આપણા પ્રાચીન માર્ગનો જીર્ણોધ્ધાર કરવાનું માન ગુજરાતમાં તો મોટે અંશે શ્રીમન્નૃસિંહાચાર્યજી અને તેમણે સ્થાપેલા સાધકવર્ગને જ ફાળે જાય છે. એની પ્રણાલિકામાં જડતા, અંધશ્રધ્ધા, વિતંડા, સંકુચિતપણું, નવીનતાનો દ્રોહ એ છે જ નહિ. એ વર્ગે ધર્મ અને કલાનો સુંદર સમન્વય કરી આપ્યો છે. દેહનું દૃશ્ય દરિદ્ર બનાવવા તરફ એ વર્ગ અણગમો સેવી સૌન્દર્યતત્ત્વને

ધર્મના એક અંગ તરીકે વિકસાવ્યું છે. એ વર્ગે સેવાભાવી આચારશીલ સ્ત્રી પુરુષો ઘડયાં છે; ગૂજરાતને તેણે પ્રખર વિદ્વાનો, સાહિત્યકારો, વક્તાઓ, અમલદારો અને વિચારકો આપ્યા છે. શ્રીમન્નૃસિંહાચાર્ય, શ્રીઉપેન્દ્રાચાર્ય, માસ્તરસાહેબ, કણિયા, સંઘવી, નર્મદાશંકર, કૌશિકરામ વગેરે ઉપરાછાપરી નામો આપણી નજર આગળ તરી આવે છે. બાજીગૌરી અને સુલોચનાબહેન સરખાં નામ આપણી સ્ત્રી-ઉન્નતિના ઈતિહાસને મોખરે રહેવા સર્જાયાં છે એ પણ આ વર્ગનો જ ફાળો. પંડિત લાલન સરખા જૈનો, ટાગોર સરખા કવિ, અને જૂની ઢબના બહુ ચર્ચાયલા ઉપાસની બાવા સરખા સાધુ આ વર્ગની મહેમાનગીરી મેળવી શક્યા છે. સંકુચિતપણાનો આ વર્ગમાં એટલો અભાવ હતો કે એક બે ખોજા ગૃહસ્થોને પણ ઉત્સવોમાં ભાગ લેતાં મેં જોયા છે.

ધર્મને નિત્યજીવનમાં ઉતારી શકાય છે, અને નિત્ય જીવનને એ રીતે ઉન્નત કરી શકાય છે એ ઉદ્દેશનો પ્રચાર કરતાં મહાકાલ, પ્રાતઃકાલ, ધર્મધ્વજ, ચમદંડ વગેરે માસિકો વાંચવા માટે જનતાના મોટાભાગને એક વખત ભારે ઈન્તેજારી રહેતી. મહાત્મા ગાંધીની સ્વચ્છ, શુધ્ધ, સરળ છતાં તેજસ્વી ભાષાના પુરોગામી તરીકે હું છોટાલાલ માસ્તરને ગણતો આવ્યો છું. શ્રેયઃસાધકોની કવિતાએ - ભજનોએ ઘણાનાં હૃદય દ્રવતાં કર્યાં છે. આ વર્ગની સંસ્કારસેવા અને સાહિત્યસેવા અત્યંત મહત્ત્વની છે."[૧]

---ooo---

૧. શ્રી રમણલાલ વ. દેસાઈ: "જીવન અને સાહિત્ય" ભાગ બીજો, પૃ. ૩૩૬-૩૩૭.